પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૮૪ | ૨૫ ડિસેમ્બર, ૨૦૧૮, મંગળવાર; માગશર વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

### રાજસ્થાનમાં કેબિનેટનું વિસ્તરણ

જયપુર, તા. ૨૪

રાજસ્થાનમાં આજે કેબિનેટની રચના કરવામાં આવી હતી. અશોક ગેહલોત સરકારના પ્રથમ મંત્રીમંડળ વિસ્તરણ હેઠળ ૨૩ ધારાસભ્યોને મંત્રી પદના શપથ લેવડાવવામાં આવ્યા હતા. આમાં ૧૩ કેબિનેટ અને ૧૦ રાજ્યમંત્રીનો સમાવેશ થાય છે. રાજસ્થાન કેબિનેટમાં આ વખતે મહિલાઓની અવગણના કરવામાં આવી છે. આનો અંદાજ આ બાબતથી લગાવી શકાય છે કે, ૨૩ મંત્રીઓમાંથી એક મહિલા ધારાસભ્ય મમતા ભુપેશને જ મંત્રી બનાવવામાં આવ્યા છે. તેમની સરખામણીમાં અગાઉની વસુંધરા રાજે મંત્રીમંડળમાં ચાર મહિલા પ્રધાનો હતી.

# ઉત્તર ભારતમાં કાતિલ ઠંડી-ધુમ્મસ



**ધુમ્મસના કારણે હરિયાણામાં ૫૦ ગાડીઓ એક સાથે ટકરાઈ : ધુમ્મસની સ્થિતિ વચ્ચે રેવાડી-રોહતક હાઈવે પર અકસ્માત બાદ ચક્કાજામની સ્થિતિ : સ્કુલની બસ અને અન્ય અનેક વાહનો એક પછી એક ટકરાઈ**

નવી દિલ્હી,તા. ૨૪

ઉત્તરભારતમાં કાતિલ ઠંડી અને ધુમ્મસ વચ્ચે જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. અનેક જગ્યાઓએ માઈનસમાં તાપમાન છે જેમાં જમ્મુ કાશ્મીરના મોટાભાગના વિસ્તારો, હિમાચલ પ્રદેશના અનેક ભાગોનો પણ સમાવેશ થાય છે. રેવાડીથી પ્રાપ્ત અહેવાલ મુજબ હરિયાણામાં ધુમ્મસની ચાદર વચ્ચે આજે સવારે રોહતક-રેવાડી હાઈવે પર ૫૦થી વધુ ગાડીઓ એક સાથે ટકરાઈ હતી. આ દર્દનાક અકસ્માતમાં આઠ લોકોના મોત થઈ ગયા હતા અને મોટી સંખ્યામાં લોકો ઘાયલ થઈ ગયા હતા. મૃત્યુ પામેલાઓમાં સાત મહિલાઓનો સમાવેશ થાય છે. ઝજ્જરના બાદલી ફ્લાયઓવર પર ઝડપથી ગાડીઓ પસાર થઈ રહી હતી તેજ વેળા ધુમ્મસ વચ્ચે બે ગાડી ટકરાઈ હતી જેના લીધે ઓછી વિજિબિલીટીના લીધે પાછળ આવી રહેલી સ્કુલી બસ, કાર, અનેક મોટા વાહનો એક પછી એકરીતે ટકરાયા હતા. આ દુર્ઘટના બાદ હાઈવે ઉપર બે કિલોમીટર લાંબા જામની સ્થિતિ સર્જાઈ ગઈ હતી. ઘટનાસ્થળે પોલીસ ટુકડી પહોંચી ગઈ છે. મામલામાં ઉંડી તપાસ હાથ ધરવામાં આવી હતી. હરિયાણાના મંત્રી ધનખડે અસરગ્રસ્ત લોકોને મદદ કરવાની જાહેરાત કરી છે. મૃત્યુ પામેલા લોકોના પરિવારને બે-બે લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી છે જ્યારે ગંભીરરીતે ઘાયલ થયેલાઓને એક-એક લાખ રૂપિયા અને નજીવી ઈજા

● અનુસંધાન પાન-૭ પર

# જીએસટીના સીંગલ સ્લેબના સંકેત

નવીદિલ્હી, તા. ૨૪

નાણામંત્રી અરુણ જેટલીએ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સની સફળતાનો ઉલ્લેખ કરતા આજે પ્રોડક્ટ્સને અપવાદ તરીકે ગણાવીને જેટલીએ કહ્યું હતું કે, અશંતઃ દેશમાં જીએસટીના ૦, ૫ અને સ્ટાન્ડર્ડ ટેક્સ સ્લેબ રહેશે. લખેલા પોતાના બ્લોગમાં જેટલીએ કહ્યું છે કે, તમાકુ, લકઝરી ગાડીઓ, એસી, સોડા વોટર, ોટા ટીવી, ડિશ વોશરને

**સિંગલ જીએસટી રેટ પર મંત્રણા ચાલી રહી છે : જેટલીનો સંકેત : સામાન્ય વ્યક્તિના ઉપયોગની તમામ ચીજો ૦-૫ ટકાના સ્લેબમાં : જીએસટી અમલી કરાયા બાદ સ્થિતિ હવે ઝડપથી બદલાઈ રહી છે : ૧૨થી ૧૮ ટકાના ટેક્સ સ્લેબની જગ્યા ઉપર નવો સ્ટાન્ડર્ડ સ્લેબ રહેશે : નાણાપ્રધાન**

કહ્યું હતું કે, ભવિષ્યમાં ૧૨ અને ૧૮ ટકાની જગ્યાએ એક નવા સ્ટાન્ડર્ડ ટેક્સ સ્લેબની રચના કરવામાં આવશે જે આ બંને વચ્ચે રહેશે. લકઝરી અને સિન તેમણે કહ્યું હતું કે, જીએસટીથી પહેલાના દોરમાં ૩૧ ટકા સુધીના ઉંચા ટેક્સ સ્લેબ હતા. આને લઈને વિરોધ પાર્ટીઓ ઉપર જેટલીએ પ્રહાર કર્યા હતા. ફેસબુક પર બાદ કરતા ૨૮ વસ્તુઓને ૨૮ ટકાના સ્લેબમાંથી દૂર કરીને ૧૨ ટકાના સ્લેબમાં મુકવામાં આવ્યા હતા. સામાન્ય વ્યક્તિને ઉપયોગમાં આવનાર સિમેન્ટ અને ઓટો પાર્ટ્સ હવે ૨૮ ટકાના સ્લેબમાં રહ્યા છે. અમારી આગામી



પ્રાથમિકતા સિમેન્ટ ઉપર ટેક્સ ઓછા કરવાના છે. બીજી મોટી બિલ્ડિંગ મટિરિયલ્સ પહેલાથી જ ૨૮થી ૧૮ ટકા અથવા તો ૧૨ ટકામાં ટ્રાન્સફર થઈ ચુક્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# ભ્રષ્ટાચાર કેસમાં નવાઝ શરીફને સાત વર્ષની આકરી જેલની સજા

**ભ્રષ્ટાચારના અન્ય બે મામલાઓમાં દોષિત જાહેર થયા બાદ સજા : નવાઝ શરીફ પર ૨.૫ મિલિયનનો દંડ પણ કરાયો : ભ્રષ્ટાચારના મામલામાં નવાઝ શરીફ પહેલાથી જ જેલમાં છે**

ઈસ્લામાબાદ,તા. ૨૪

પાકિસ્તાની ભ્રષ્ટાચાર વિરોધી કોર્ટે ભૂતપૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફની સામે ચાલી રહેલા ભ્રષ્ટાચારના અન્ય બે મામલામાં દોષિત જાહેર કર્યા હતા અને તેમને કઠોર સજા ફટકારી હતી. ઈસ્લામાબાદની એકાઉન્ટબિલીટી કોર્ટે ૬૮ વર્ષીય નવાઝ શરીફને અલ અઝીઝીયા સ્ટીલ મિલ મામલામાં દોષિત ઠેરવીને સાત વર્ષની સજા ફટકારી હતી. સાથે સાથે ૨.૫ મિલિયન ડોલરનો દંડ પણ ફટકાર્યો હતો. શરીફ હાલમાં ભ્રષ્ટાચારના એક અન્ય મામલામાં પહેલાથી જ જેલમાં છે. ચુકાદો



આપવામાં આવ્યો ત્યારે નવાઝ શરીફ કોર્ટમાં ઉપસ્થિત રહ્યા હતા. જજ અરશદ મલિકે નવાઝ

● અનુસંધાન પાન-૭ પર

## પશ્ચિમ બંગાળની રથયાત્રા અંગેની અરજી પર તરત સુનાવણી માટે ઈન્કાર

**ભાજપની અરજી ઉપર સુપ્રીમની સ્પષ્ટ પ્રતિક્રિયા : મામલાની સુનાવણી લિસ્ટિંગ મુજબ જ : સુપ્રીમનું તારણ**

નવીદિલ્હી, તા. ૨૪

સુપ્રીમ કોર્ટે આજે ભાજપની એવી અરજી ઉપર તાત્કાલિક સુનાવણી કરવાનો ઈન્કાર કરી દીધો છે જેમાં તરત સુનાવણી માટેની માંગ કરવામાં આવી હતી. પાર્ટીએ પશ્ચિમ બંગાળમાં તેમની રથયાત્રા પર કોલકાતા હાઈકોર્ટના ચુકાદાને પડકાર ફેંકીને રજૂઆત કરી હતી. વહેલીતકે સુનાવણીની માંગ કરવામાં આવી હતી પરંતુ ભાજપની માંગણીને ફગાવી દેવામાં આવી છે અને અરજી ઉપર વહેલીતકે સુનાવણી કરવાનો સુપ્રીમ કોર્ટે ઈન્કાર કરી દીધો છે. અરજી સાથે જોડાયેલા વકીલે માહિતી આપતા કહ્યું છે કે, સુપ્રીમ કોર્ટની રજિસ્ટ્રીએ તેમને માહિતી આપી છે કે, મામલાની સુનાવણી લિસ્ટિંગ મુજબ થશે. સુપ્રીમ કોર્ટમાં હાલમાં ઠંડીના દિવસોની રજા ચાલી રહી છે. સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવ્યા બાદ આ મામલામાં હવે ટૂંક સમયમાં જ સુનાવણી હાથ ધરવામાં આવશે.

## અટલ બિહારી વાજપેયીના સન્માનમાં ૧૦૦ રૂપિયાનો સિક્કો લોન્ચ કરાયો

ન્યુ દિલ્હી,તા.૨૪

પૂર્વ વડાપ્રધાન અટલ



બિહારી વાજપેયીના સન્માનમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૧૦૦ રૂપિયાનો સ્મારક સિક્કો લોન્ચ કર્યો છે. આ સિક્કા પર પૂર્વ વડાપ્રધાન અટલજીની તસવીર છે. ૨૫ ડિસેમ્બરે પૂર્વ વડાપ્રધાનની જન્મ જયંતી છે. તે અવસરે સ્મારક સિક્કો જાહેર કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, અટલ બિહારી વાજપેયીનો જન્મ ૨૫ ડિસેમ્બર ૧૯૨૪ના રોજ ગ્વાલિયરમાં થયો હતો. એવામાં સરકાર તેમની ૯૫મી જન્મજયંતીને ખાસ બનાવી છે. અટલજીનો સિક્કો જાહેર કરતાં પીએમ મોદીએ કહ્યું કે, અટલજીનો સિક્કો આપણા દિલો પર ૫૦ વર્ષો સુધી ચાલ્યો. જો આપણે તેમના આદર્શો પર ચાલીશું તો આપણે પણ અટલ બની શકીએ છીએ. આપણે તેમના જીવન પરથી પ્રેરણા લેવી જોઈએ.

## કર્ણાટક કોંગ્રેસમાં બળવાના એંધાણ

**કોંગ્રેસ પાર્ટી સાથે છેડો ફાડવાની પણ તૈયારી : કોંગ્રેસના કેટલાક ધારાસભ્યો ભાજપના સંપર્કમાં હોવાના અહેવાલથી કર્ણાટકમાં રાજકીય ગરમી ચરમસીમા ઉપર**

બેંગ્લોર, તા. ૨૪

કર્ણાટકમાં એચડી કુમારસ્વામી કેબિનેટનું વિસ્તરણ કરવામાં આવ્યા બાદ કોંગ્રેસમાં નારાજગીનું મોજુ ફરી વળ્યું છે. સરકારમાંથી બહાર કરવામાં આવેલા મંત્રીએ પાર્ટી છોડવાની ધમકી આપી દીધી છે. મંત્રીમંડળમાં આઠ નવા મંત્રીઓને સામેલ કરવામાં આવ્યા હતા. બે મંત્રી કોંગ્રેસના રમેશ જારકિહોલી અને અપક્ષ ધારાસભ્ય આર શંકરને મંત્રીમંડળમાંથી બહાર કરવામાં આવ્યા છે. મંત્રીમંડળમાંથી બહાર કરવામાં આવ્યા બાદ કોંગ્રેસના રમેશ જારકિહોલીએ પાર્ટી છોડી દેવાની ધમકી આપી છે. બીજી બાજુ પૂર્વ મંત્રી રામાલિંગા રેડ્ડી સહિત અનેક કોંગ્રેસી ધારાસભ્ય કેબિનેટમાં

● અનુસંધાન પાન-૭ પર













